ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



જગતના નાથ ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળતા લોકો હરખ ઘેલા થયા : ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

# દાહોદમા જગન્નાથજી ભગવાનની 19મી રથયાત્રા નીકળી

### સાંસદ જસવંતસિંહ ભાભોરે ચાંદીના ઝાડુથી પહિંદ વિધિ સંપન્ન કરી હતી





(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર એ પહીદ વિધી કરી મંત્રી રમેશ કટારા રથયાત્રા માં જોડાયા દાહોદ શહેર માં આજરોજ અસાડી બીજ ના પાવન પર્વે ભગવાન જગન્નાથજી ની 19 મી રથયાત્રા ભક્તિમય વાતાવરણ માં સંપન્ન થઈ હતી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામ નગરચર્યાએ નીકળ્યા હતા જેમાં મોટી સંખ્યા માં ભક્તો ઉમટી પડ્યા હતા રથયાત્રાના શુભારંભ પૂર્વે સાંસદ જસવંત સિંહ ભાભોરે ચાંદીના ઝાડુથી પહિદ વિધિ સંપન્ન કરી હતી.

આ ધાર્મિક વિધિ બાદ રથનું પ્રયાણ થયું હતું આ અવસરે રાજ્ય ના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર પશુ પાલન મંત્રી રમેશ કટારા, ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી,ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર અને દાહોદ જિલ્લા કલેક્ટર સુરભી ગોતમ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા મંત્રી રમેશ કટારા એ ભગવાન જગન્નાથજીની મંગલા આરતી કરી પુજા અર્ચના કરી હતી જગન્નાથજી મંદિર ના મહંતો ,સંતો અને ભાવિક ભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં આ રથયાત્રા શહેરના વિવિધ માર્ગો ઉપર ફરી હતી રથયાત્રા મા વિવિધ ભજન મંડળીઓ,અખાડાઓ અને પારંપરિક વેશભૂષા ધારણ કરેલા કલાકારોએ ભાગ લીધો હતો જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું જય જગન્નાથ ના ગગનભેદી નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

## અષાઢી બીજે રણુજા ધામ સંજેલી ખાતે દર્શને જતા ભક્તોની ભીડ: સિંગવડ નગરમાં ટ્રાફિક જામ, રધીકપુર પોલીસ દ્વારા ભમરેચી રોડ બંધ કર્યો



**સિંગવડ, દાહોદ:** હિંદુ ધર્મમાં મહત્વના ગણાતા અષાઢી બીજ*ના દિવસે સિંગવડ તાલુકા તથા આજુબાજુના ગામડાના ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. હજારોની સંખ્યામાં ભક્તો *સંજેલીના રણુજા ધામ ખાતે દર્શન કરવા જતા હોવાથી સિંગવડ નગરમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સવારથી જ સિંગવડ બસ સ્ટેન્ડ થી લઈને મુખ્ય બજાર નીચવાસ બજાર અને સંજેલી રોડ પર દ્વિચક્રી, ચારચક્રી અને ખાનગી વાહનોની લાંબી કતારો લાગી હતી. રણુજા ધામ સંજેલી જવા નીકળેલા ભક્તો અને સ્થાનિક નગરજનોના વાહનો એકસાથે નીકળતા કલાક સુધી ટ્રાફિક ઠપ્પ* થઈ ગયો હતો. વધુ ટ્રાફિક જામ ન સર્જાય અને કોઈ અકસ્માત ન બને તે માટે રધીકપુર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે સિંગવડથી ભમરેચી માતા તરફ જતા રસ્તાને મોટા વાહનો માટે અસ્થાયી ધોરણે બંધ કરવાનો વારો આવ્યો હતો. માત્ર હળવા વાહનો અને બાઈકને જ છૂટ આપવામાં આવી હતી.

## હાલોલ નગરમાં ઉત્સાહભેર ભગવાન શ્રી જગન્નાથજીની ૪૦મી ભવ્ય રથયાત્રા નીકળી



**હાલોલ :** અષાઢી બીજના પવિત્ર પર્વે હાલોલ નગરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ, વિવિધ હિન્દુ સંગઠનો, વહીવટી તંત્ર અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ભગવાન શ્રી જગન્નાથજીની ૪૦મી ભવ્ય રથયાત્રા અત્યંત ભક્તિસભર વાતાવરણમાં યોજાઈ હતી.શણગારેલા રથમાં બિરાજમાન થઈ ભગવાન જગન્નાથ, ભ્રાતા બલભદ્ર અને ભગિની સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યા ત્યારે સમગ્ર હાલોલ નગર ભક્તિના રંગે રંગાયું હતું.

"નલ સે જલ" યોજના અંતર્ગત પાઇપલાઇન નાખવાનુ મુહૂર્ત ક્યારે?

## સિંગવડ તાલુકાના ચુંદડી ગામના પાંચેક ફળિયામાં પાણીનો કકળાટ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.2

કેન્દ્ર અને રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી "હર ઘર જલ, જલ સે નલ" યોજના પછી લોકોને પાણી પહોંચાડવાની સુવિધા ઉભી કરવામાં આવવાની હતી જ્યારે સિંગવડ તાલુકાના ચુંદડી ગામ*માં માત્ર નામની જ રહી છે. ગામના *5 ફળિયામાં આજદિન સુધી નળ સે જલની પાઈપલાઈન જ નાખવામાં આવી નથી, જેના કારણે ઘણા પરિવારો પીવાના પાણી માટે આજે પણ વલખા મારી રહ્યા છે. જ્યારે ચુંદડી ગામના વંચિત ફળિયામાં ડામોર ફળિયું, ભગત ફળિયું, ભાભોર ફળિયું, માનસિંગ-રૂપા-બામણીયા ઘર, તરફનું બામણીયા ફળિયું અને હઠીલા ફળિયા આ તમામ ફળિયાને આ યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે. સરકારી યોજનાનો લાભ નહીં: ગામના બાકીના ફળિયામાં ઘરે-ઘરે નળ છે, પણ આ 5 ફળિયાના લોકો ટેક્સ ભરે છે છતાં નળ નથી. જ્યારે ગામના આગેવાનોની વ્યથા* ફળિયાના વડીલોએ જણાવ્યું કે, "અમે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને પાણી પુરવઠા વિભાગમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરી છે. પણ જવાબ એક જ મળે 'સર્વે થશે, પછી પાઈપ આવશે'. 2 વર્ષથી આ જ વાત સાંભળીએ છીએ. સરકાર કહે હર ઘર જલ, પણ અમારા ઘર સુધી નળ જ નથી." ગ્રામજનોએ જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત કરીને માંગ કરી છે કે: તાત્કાલિક સર્વે કરી આ 5 ફળિયામાં પાઈપલાઈન નાખવામાં આવે.આગામી 3 મહિનામાં દરેક ઘરે નળનું કનેક્શન આપવામાં આવે.*

## ફતેપુરામાં રમેશ કટારા અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં પહિંદ વિધિ બાદ રથયાત્રાને પ્રસ્થાન કરાવાયું



**સુખસર :** દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકા ખાતે કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર પશુપલાન મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ રથયાત્રાનુ સંતો- મહંતોની ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરવાયું હતુ."જય જય જગન્નાથ", "હાથી, ઘોડા, પાલકી, 'જય કનૈયા લાલ કી'"ના ભક્તિનાદ સાથે ભગવાન જગન્નાથજી,ભાઇ બલભદ્રજી અને બહેન સુભદ્રાજી સાથે પરંપરાગત મંદિરેથી નિકળ્યાં હતા. ફતેપુરા તાલુકાના ભાવિક ભક્તોમાં રથયાત્રા નીકળવાનો અનોખો ઉમંગ જોવા મળ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, "ભગવાન પોતે આજે નગરજનોનાં ક્ષેમકુશળ પૂછવા સામેથી લોકો વચ્ચે આવ્યા છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા રંગેચંગે નીકળી છે, ત્યારે ફતેપુરા ભક્તિમય બન્યું છે અને સૌ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરે પ્રૌઢ શિક્ષણ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીને પત્ર લખ્યો

## દાહોદની કોલેજોમાં વધારાની બેઠકોની માંગ કરવામાં આવી

### ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરે રાજ્યના પ્રૌઢ શિક્ષણ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમનભાઈ વાજાને પત્ર લખ્યો

(પ્રતિનિધિ) ગરબાડા, તા.2

દાહોદ જિલ્લાની ગરબાડા અને દાહોદની સરકારી આર્ટ્સ કોલેજોમાં પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ માટે વધારાની બેઠકોની માંગ કરવામાં આવી છે. ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરે આ અંગે રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. પ્રદુમનસિંહ વાજાને પત્ર લખી રજૂઆત કરી છે. અગાઉ ગરબાડા તાલુકાના નવાફળિયા સ્થિત સરકારી વિનયન કોલેજમાં અંદાજિત 50થી 60 જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓની રજૂઆત બાદ ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના પ્રયાસોથી આ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. જોકે, ઓછું મેરીટ ધરાવતા કેટલાક વિદ્યાર્થીઓને કોલેજમાં બેઠકો ભરાઈ જવાના કારણે હજુ પણ પ્રવેશ મળી શક્યો નથી. આ બાબતને ધ્યાનમાં રાખી ધારાસભ્ય ભાભોરે શિક્ષણ મંત્રીને પત્ર લખી વધારાની બેઠકો મંજૂર કરવા વિનંતી કરી છે. પત્રમાં ધારાસભ્યએ જણાવ્યું છે કે દાહોદ જિલ્લો આદિવાસી બહુલ વિસ્તાર છે, જ્યાં મોટાભાગના વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવે છે. મર્યાદિત બેઠકોને કારણે અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. તેથી, ગરબાડાની સરકારી આર્ટ્સ કોલેજ અને દાહોદની આઈ. રમિલા આર્ટ્સ કોલેજમાં બી.એ. પ્રથમ વર્ષ માટે વધારાની બેઠકો મંજૂર કરવાની માંગ કરવામાં આવી છે. ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યુ છે કે સીટના અભાવે કોઈ પણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણની સમાન તક મળે તે માટે સરકાર વહેલી તકે હકારાત્મક નિર્ણય લે તે સૌના માટે હિતાવહ છે.

છોટાઉદેપુરથી દેવગઢ બારીયા રોડ પર તંત્રની લાલીયાવાડી દેખાઇ

## છોટાઉદેપુર સ્ટેટ હાઈવે 62 માર્ગ પરના સળિયા દેખાયા



(પ્રતિનિધિ) છોટઉદેપુર, તા.16

બ્રિજ પર પડ્યો મોટો ખાડો જેને પૂરવા માં પણ નથી આવતો. જે ટ્રાફિક માટે સમસ્યા રૂપ થઈ રહ્યો છે. જ્યારે આવનારા દિવસોમાં વધુ મોટો થશે તેમ લાગી રહ્યું છે. છોટાઉદેપુર થી દેવગઢ બારીયા ખાતે જતો મુખ્ય માર્ગ સ્ટેટ હાઈવે 62 જે છોટાઉદેપુર નગરમાંથી પસાર થઈ રહ્યો છે. જ્યાં મોટા ખાડા પડી ગયા છે. અને સળિયા બહાર દેખાઈ રહ્યા છે. જે અને પડેલા ખાડા પ્રજા તથા વાહનચાલકો માટે આફતરૂપ બની ગયા છે. પરંતુ આ અંગે કોઈ રીપેરીંગની કામગીરી કરવામાં આવતી નથી. જ્યારે સદર ખાડા પરથી રોજેરોજ હજારો વાહનો અવર જવર કરી રહ્યા છે. પરંતુ આ ખાડા બાબતે કોઈ કાળજી લેવામાં આવતી નથી જે નવાઈ ભરી વાત છે. આવનારા દિવસોમાં ચોમાસું આવી રહ્યું છે. આ ચોમાસા દરમ્યાન આ ખાડો વધુ મોટો થશે અને બ્રિજ ને તથા વાહનોને નુકસાન થશે તો જવાબદાર કોણ રહશે એ ગંભીર પ્રશ્ન છે.

## ગોધરા તાલુકાના મોરડુંગરા ગામે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત કિસાન ગોષ્ઠિ યોજાઈ

### ૧૦૦થી વધુ ખેડૂતોએ મેળવ્યું પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન



(પ્રતિનિધિ) ગોધરા, તા.16

ગોધરા તાલુકાના મોરડુંગરા ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા કિસાનગોષ્ઠિનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આસપાસના વિસ્તારમાંથી અંદાજિત ૧૦૦થી વધુ ઉત્સાહી ખેડૂતોએ હાજર રહીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગેનું સચોટ અને વિસ્તૃત માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલા કૃષિ ક્ષેત્રના વિવિધ નિષ્ણાતો અને સરકારી અધિકારીઓ દ્વારા દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો વિશે ખેડૂતોને ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. રાસાયણિક ખાતરો મુક્ત ખેતી કરી ઉત્પાદન ખર્ચ કેવી રીતે ઘટાડવો અને જમીનની ફળદ્રુપતા કેવી રીતે જાળવવી તે અંગે રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના અંતે ખેડૂતોના કૃષિ વિષયક પ્રશ્નોના યોગ્ય જવાબો આપીને મૂંઝવણોનું નિવારણ કરવામાં આવ્યું હતું. આ કિસાનગોષ્ઠિમાં કૃષિ, બાગાયત અને સંશોધન ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કુવામાંથી મહિલાનો રહસ્યમય મૃતદેહ મળતાં ટપલાવાવમાં ચકચાર

## પિતાએ વ્યક્ત કરી શંકા; પેનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ ખુલશે મોતનું રહસ્ય

### 40 વર્ષીય કૈલાસબેનનું કુવામાંથી મૃતદેહ બહાર કાઢ્યું, બે સંતાનોએ ગુમાવી માતાની છત્રછાયા



(પ્રતિનિધિ) હાલોલ, તા.16

હાલોલ તાલુકાના ટપલાવાવ ગામમાં મંગળવારની રાત્રે બનેલી કરુણ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને ચકચાર ફેલાવી છે. ગામના લીટી ફળિયામાં રહેતી 40 વર્ષીય કૈલાસબેન દિનેશભાઈ રાઠવાનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં કુવામાંથી મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં હાલોલ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને કલાકોની જહેમત બાદ મહિલાને કુવામાંથી બહાર કાઢી હતી. જોકે, બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મૃતક કૈલાસબેનને બે પુત્રો છે. મોટો પુત્ર હિતેન્દ્ર ધોરણ-11માં અને નાનો પુત્ર રવિન્દ્ર ધોરણ-7માં અભ્યાસ કરે છે. માતાના અચાનક અવસાનથી બંને સંતાનો અને સમગ્ર પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

કૈલાસબેનનું પિયર ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે આવેલું છે. મૃતકના પિતા ભયલાલભાઈ રાઠવાએ ઘટનાને લઈને શંકા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાત્રે લગભગ 9 વાગ્યે પુત્રનો ફોન આવ્યો હતો કે કૈલાસબેન કુવામાં પડી ગયા છે. પરંતુ કૂવાની પાળી ઊંચી અને સુરક્ષિત હોવાથી અકસ્માતે પડી જવાની શક્યતા અંગે તેમણે સવાલો ઉઠાવ્યા છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે છેલ્લા ઘણા સમયથી કૈલાસબેનના ઘરે પારિવારિક વિવાદો ચાલતા હતા. તેથી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને પેનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મૃત્યુનું સાચું કારણ સામે આવશે. ઘટનાની જાણ થતાં પાવાગઢ પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે. હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ હાથ ધરાઈ છે.

## કાલોલમાં ગોમા નદી કિનારે જુગાર રમતા ૧૦ ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર ડી ભરવાડ તથા પીએસઆઈ એસ આર મકવાણા અને પોલીસ કર્મચારીઓ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ખાનગી બાતમીદારથી ચોક્કસ માહિતી મળી હતી કે, ગોમા નદીની ધસ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો પત્તા-પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે તાત્કાલિક બે પંચોના માણસોને સાથે રાખી રાત્રે આશરે ૨૨:૪૫ વાગ્યે સદર જગ્યાએ રેડ કરી હતી. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરીને ઘટનાસ્થળેથી તમામ ૧૦ ઈસમોને ઝડપી પાડ્યા હતા.

## હાલોલ GIDC પાસે જુવારના કટ્ટાની આડમાં લવાતો ૬.૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો




(પ્રતિનિધિ) હાલોલ, તા.16

પંચમહાલ જિલ્લાની હાલોલ ટાઉન પોલીસે ચંદ્રાપુરા GIDC સફારી ગોડાઉન પાસે નાઈટ પેટ્રોલીંગ દરમિયાન એક મોટી સફળતા મેળવી છે. ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ અને અસામાજિક પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટે પંચમહાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે હાલોલ ટાઉન પોલીસ કર્મચારીઓ પ્રોહીબીશનની હેરાફેરી કરતા ઈસમો પર વોચ રાખી રહ્યા હતા. દરમિયાન નાઈટ પેટ્રોલીંગ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. દેસાઈ પોલીસ સ્ટાફ સાથે હતા દરમ્યાન ચંદ્રાપુરા જી.આઈ.ડી.સી. પાસે એક ટાટા ૧૯૧૬ ટ્રક શંકાસ્પદ જણાતા તેની તલાશી લેવામાં આવી હતી. ટ્રકની તપાસ કરતા તેમાં જુવારના ૧૯૦ કટ્ટા જેની કિંમત ૧,૯૦,૦૦૦ ભરેલા હતા, જેની આડમાં નીચે મીણીયા થેલાઓમાં સંતાડેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૫૦ પેટીઓ મળી આવી હતી. પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂના ક્વાટરીયા નંગ-૩૩૬૦ જેની કિંમત ૩,૩૨,૬૪૦, ગ્લોબસ ગ્રીન પ્રીમીયમ વ્હિસ્કી પ્લાસ્ટિક ક્વાટરીયા નંગ-૧૮૨૪ જેની કિંમત કિંમત ૧,૬૪,૧૬૦ , ગ્લોબસ ગ્રીન પ્રીમીયમ વ્હીસ્કી કાચના ક્વાટરીયા નંગ-૮૧૬ જેની કિંમત ૭૫,૮૮૮ તેમજ કિંગફિસર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયર નંગ-૬૦૦ જેની કિંમત ૭૫,૪૯૮ મળી કુલ ૬,૬૦૦ નંગ દારૂ-બીયરનો જથ્થો જપ્ત કર્યો હતો, જેની કુલ કિંમત ૬,૪૮,૧૮૬ થાય છે. પોલીસે ૧૨ લાખની કિંમતનો ટાટા ટ્રક તેમજ તાડપત્રી અને દોરડા સહિત કુલ ૨૦,૩૮,૧૮૬ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.